5 આદિવાસી (અનુસૂચિત જનજાતિઓ)

S6U9Q9

ભારતની આગવી ઓળખ અને સંસ્કૃતિની જાળવણીનું કામ કેટલાક સમૂહો દ્વારા સારી રીતે થયું છે. અહીંની ઋષિ-સંસ્કૃતિ, કૃષિ-સંસ્કૃતિથી લઈ વન-સંસ્કૃતિનું જતન કરનાર વિવિધ સમૂહોએ ખરેખર પ્રશંસનીય કામ કર્યું છે એટલું જ નહિ આ સમૂહોએ ભારતના વિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. આવા કેટલાક સમૂહોનો પરિચય આ પ્રકરણમાં કરીએ.

આદિવાસી (અનુસૂચિત જનજાતિઓ)

ભારતના બંધારણમાં પરંપરાગત સંસ્કૃતિનું રક્ષણ કરતી વિશિષ્ટ આદિવાસી જાતિઓને અનુસૂચિમાં સામેલ કરેલ છે. તે જાતિઓ અનુસૂચિત જનજાતિઓ (Scheduled Tribes) તરીકે ઓળખવામાં આવે છે.

ભારતના આદિવાસીઓની જીવનશૈલીને જોઈએ તો તેમના વિવિધ ઉત્સવો, રૂઢિ-પરંપરાઓ, ખોરાક, પહેરવેશ, બોલી, ચિત્ર-સંગીત અને નૃત્યની કલાઓ તેમની આગવી ઓળખ ઊભી કરે છે. સ્વતંત્રતા પૂર્વે આ સમાજ કંઈક અંશે અન્ય સમાજ કરતાં જુદો હતો. આમ છતાં ભારતીય વ્યવસ્થામાં તેમનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. શાબ્દિક રીતે જોઈએ તો આદિ એટલે જૂના સમયથી અને વાસી એટલે વસવાટ કરનાર તેવો અર્થ થાય. એ નામમાં જ આપણી પુરાતન સંસ્કૃતિ સાથેનો નાતો જોડાયેલો છે.

પ્રત્યેક જનજાતિના સભ્યો કબીલાપ્રથા (પરિવાર અથવા કુટુંબ) પ્રથાથી એકબીજા સાથે જોડાયેલ હતા. તેઓ શિકારી અને પશુપાલક તરીકે તો થોડેઘણે અંશે ખેતી દ્વારા પોતાનું જીવનનિર્વાહ કરતા હતા. જંગલ અને પ્રકૃતિ તેમનાં જીવન પર સૌથી વધુ અસર કરતાં પરિબળો હતાં. તેમનાં ઘરો પ્રાકૃતિક સંસાધનોથી જ બનેલાં હતાં. જનજાતિના લોકો જમીન અને જમીનપેદાશો પર સંયુક્ત રીતે અધિકાર ધરાવતા અને પોતાના બનાવેલા નિયમોને આધારે પરિવારોમાં તેની વહેંચણી કરતાં. તેઓનું જીવન સામૂહિક સ્વરૂપનું હોવાથી તેમની અર્થ વ્યવસ્થામાં પણ સામૂહિકતાનો સિદ્ધાંત જોવા મળે છે. જુદા-જુદા સમુદાયોમાં સામાજિક સમાનતા જોવા મળતી હતી.

ઉપખંડના વિવિધ ભાગોમાં કેટલીક જનજાતિઓનો વિકાસ થયો. સામાન્ય રીતે તેઓ જંગલો, પહાડો, રણ અને દુર્ગમ જગ્યાઓ પર નિવાસ કરતા હતા. કેટલીક વાર શાસકો સાથે તેમનો સંઘર્ષ પણ થતો. આમ છતાં જનજાતિઓએ પોતાની સ્વતંત્રતા ટકાવી અને સંસ્કૃતિને જાળવી રાખી.

સામાન્ય રીતે ભારતના વિવિધ સમુદાયો પોતાની જરૂરિયાતો માટે એકબીજા પર નિર્ભર હતા. આ નિર્ભરતાના સંબંધને કારણે આ જાતિઓમાં ધીરે-ધીરે પરિવર્તન આવ્યું.

સમકાલીન ઇતિહાસકારો અને મુસાફરોએ જનજાતિઓ વિશે બહુ ઓછી જાણકારી આપી છે. કેટલાક અપવાદો બાદ કરતાં જનજાતિના લોકો પાસે લેખિત દસ્તાવેજો મળતા નથી. પરંતુ આદિવાસી તરીકે ઓળખાતી જનજાતિ પ્રજા પોતાના સમૃદ્ધ રીતરિવાજોનું અને મૌખિક પરંપરાઓનું રક્ષણ કરતી હતી. આ પરંપરાઓ નવી પેઢીને વારસામાં મળતી હતી. વર્તમાન ઇતિહાસકારો જનજાતિઓનો ઇતિહાસ લખવા માટે આવી મૌખિક પરંપરાઓનો પણ ઉપયોગ કરે છે.

જીવનશૈલી અને સંસ્કૃતિ

આદિવાસી સમાજ અન્ય સમાજ કરતાં કેટલીક બાબતોમાં ભિન્નતા ધરાવે છે જે તેની આગવી ઓળખ ઊભી કરે છે, તો કેટલીક સાંસ્કૃતિક બાબતોમાં તેઓની માન્યતાઓ અન્ય સમાજને મળતી પણ આવે છે.

આદિવાસી સમૂહ પોતાના જીવનનિર્વાહ માટે પહેલાંના સમયમાં વનપેદાશો તેમજ સ્થાનિક રીતે થતી ખેતી ઉપર નિર્ભર હતો. તો તેમનાં કલા-કૌશલ્યોથી ઉત્પાદન થતી સાધનસામગ્રી પણ એમની આર્થિક આવકનું ખૂબ જ મહત્ત્વનું સાધન બનતું હતું. એકઠી કરેલી વનપેદાશો પણ એમને આવક રળી આપતી હતી. પશુપાલન તેમના જીવનનિર્વાહમાં અગત્યનો ભાગ ભજવતું હતું.

ગુજરાતના વિવિધ વિભાગોમાં રહેતી આદિવાસી પ્રજા પોતાના પોશાક તેમજ ઘરેણાંથી વિશિષ્ટ ઓળખ ઊભી કરતી હતી. ઉત્તર ગુજરાતમાં પુરુષો ધોતિયું, ખમીસ, ફાળિયું પહેરતાં. પૂર્વપટ્ટીમાં કાળી બંડી અને પોતડી પહેરવાનું પ્રચલિત છે, તો દક્ષિણ ગુજરાતમાં કેટલીક જાતિઓમાં ધોતિયું/લેંઘો, પહેરણ તેમના પોશાકનો ભાગ છે. મહિલાઓ પણ ઉત્તર ગુજરાતમાં ઝૂલડી પહેરે છે. વર્તમાન સમયમાં મોટા ભાગે આદિવાસી સમુદાયે સામાન્ય સમાજ જેવો જ પહેરવેશ અપનાવી લીધો છે. તેમના વિશિષ્ટ ઉત્સવો વખતે જ પરંપરાગત પોશાક ધારણ કરતાં જોવા મળે છે. વિવિધ પ્રસંગોએ તેમનાં વાદ્યો અને નૃત્યો આજે પણ આકર્ષણ જમાવે છે.

આદિવાસી સમૂહની મોટી ઓળખ તેમની વિશિષ્ટ પરંપરાઓ, બોલીઓ તેમજ ઉત્સવોમાં જોવા મળે છે. આદિવાસી સમૂહ પ્રકૃતિનો પ્રેમી અને સંવર્ધક રહ્યો છે. તેઓ પ્રકૃતિ તત્ત્વ અને જુદાં-જુદાં સ્વરૂપે દેવી-દેવતાઓમાં શ્રદ્ધા ધરાવે છે. તેમને પ્રસન્ન કરવા વિધિવિધાનો કરે છે. લગ્ન અંગે પણ આ સમાજમાં વિશિષ્ટ રિવાજો જોવા મળે છે. દરેક જનજાતિમાં એમના સમાજનું પંચ મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. તે પોતાની પરંપરા જાળવવાનું કામ કરે છે.

હાલના સમયમાં સરકારની વિવિધ યોજનાઓ, શિક્ષણનો વ્યાપ, તકનીકી વિકાસને કારણે અન્ય સમાજની જેમ આદિવાસી સમાજમાં પણ પરિવર્તન આવ્યું છે. ઝૂંપડાઓનાં સ્થાને પાકાં મકાનો, શિક્ષણની સુવિધા, આધુનિક પહેરવેશ અને સામાજિક ચેતના જોવા મળે છે.



ડાંગના મેળાનું દૃશ્ય

આટલું જાણો

મેળાઓમાં ધબકતું જનજીવન

ભારતીય સમાજમાં મેળાઓ અનોખી ઓળખ ધરાવે છે. તેમાંય પરંપરાગત જીવનશૈલીના કારણે આદિવાસીઓ મેળાઓમાં પોતાનાં લોકજીવનને સુંદર રીતે અભિવ્યક્ત કરે છે.

'શામળાજીના મેળે રમઝણિયું પેજણિયું વાગે' જેવાં લોકગીતો મેળા પ્રત્યે લોકોના ઉત્સાહને બેવડાવે છે. ગુજરાતમાં શામળાજીનો મેળો (શામળાજી, અરવલ્લી), ક્વાંટનો ઘેરનો મેળો (છોટાઉદેપુર), ચિત્ર-વિચિત્રનો મેળો (ગુણભાંખરી, સાબરકાંઠા), ગાય-ગોહરીનો મેળો (નઢેલાવ, દાહોદ), ગોળ-ગધેડાનો મેળો (જેસાવાડા, દાહોદ), ડાંગ-દરબાર (આહવા), વિવિધ સ્થળે ભરાતા ચૂલના મેળા વગેરે જેવા મેળાઓ મુખ્ય છે.

મેળાઓમાં સ્થાનિક જનજાતિઓ મોટા ભાગે પોતાના પરંપરાગત પરિધાનમાં સજ્જ થઈને આવે છે. કેટલીક મીઠાઈઓ અને ફરસાણની લિજ્જત લેવાની સાથે ઘરગથ્થું જરૂરિયાતની વસ્તુઓ પણ અહીંથી ખરીદવામાં આવે છે. મેળામાં તેમનો ઉત્સાહ લોકગીતો અને નૃત્યોનાં માધ્યમથી વહેતો જોવા મળે છે.

જનજાતિઓમાં આવેલ સાંસ્કૃતિક પરિવર્તન

અર્થવ્યવસ્થા અને સમાજની જરૂરિયાતો વધતાં નવાં કલા-કૌશલ્યો ધરાવતાં લોકોની આવશ્યકતા ઊભી થઈ. સમાજ જુદી-જુદી જાતિઓમાં વિભાજિત થયો. બીજી બાજુ, ઘણી જનજાતિઓ અને સામાજિક જૂથોને જાતિનો દરજ્જો આપવામાં આવ્યો. આવી જાતિઓમાં વિશિષ્ટ કૌશલ્ય ધરાવતો સમૂહ મુખ્ય છે. હવે વર્ણને બદલે જાતિ સમાજના સંગઠનનો આધાર બની.

આટલું કરો

આદિવાસી સમૂહો વિશે જાણકારી મેળવો. તેમના વિશિષ્ટ રીતરિવાજો, મેળાઓ, નૃત્યો, વાદ્યો, પહેરવેશ, ખોરાક અને વ્યવસાય અંગેની માહિતી મેળવી સચિત્ર અહેવાલ તૈયાર કરો.

આટલું જાણો

ડાંગ-દરબાર : ડાંગમાં ડાંગ-દરબાર પ્રતિ વર્ષ ભરાય છે, જેમાં રાજાઓને વર્ષાસન આપવામાં આવે છે. હોળીના તહેવાર દરમિયાન 'ડાંગ-દરબાર' યોજવાની શરૂઆત વર્ષો પહેલાં થઈ હતી. તે સમયે હાલના ડાંગ જિલ્લામાં આવેલ વિસ્તારમાં જનજાતિના રાજાઓ અને નાયકો વહીવટ કરતાં હતા. ઈ.સ. 1842 માં ડાંગના જંગલના પટ્ટાઓ બ્રિટિશરોને આપવામાં આવ્યા હતા. ઉપર્યુક્ત હકના બદલામાં તત્કાલીન સરકારે ડાંગીરાજાઓ અને નાયકોને તેમના હકના બદલામાં વંશ પરંપરાગત સાલિયાણું આપવાનું નક્કી કર્યું, જે ડાંગ-દરબારના નામે યોજાતા મેળામાં આપવામાં આવતું હતું. આ વર્ષાસન આપવાની પ્રથા આજે સમગ્ર ભારતમાં એકમાત્ર ડાંગમાં છે. આ ડાંગ-દરબાર નામે મેળો યોજવાની પરંપરા આજે પણ ચાલુ છે. આઝાદી પછી સરકારે ડાંગીરાજાઓને આપવામાં આવતાં સાલિયાણાંમાં વખતોવખત વધારો કર્યો છે.

ભારતની મુખ્ય જનજાતિનાં ક્ષેત્રો

ભારતના મોટા ભાગના વિસ્તારોમાં જનજાતિની વસ્તી જોવા મળે છે. જનજાતિનો વિસ્તાર અને પ્રભાવ સમયની સાથે બદલાતો રહેતો. કેટલીક જનજાતિ ખૂબ શક્તિશાળી હોઈ મોટા પ્રદેશો પર નિયંત્રણ ધરાવતી હતી. જેમકે તેરમી-ચૌદમી સદી દરમિયાન પંજાબમાં ખોખર જનજાતિ અને ગખ્ખર જનજાતિ મુખ્ય હતી. આ જનજાતિમાંથી આવનાર કમાલખાં ગખ્ખરને અકબરે મનસબદાર બનાવ્યા હતા. મુઘલો પહેલાં મુલ્તાન અને સિંધમાં લંઘા અને અરઘુન જનજાતિઓનું આધિપત્ય હતું. ભારતના ઉત્તર પશ્ચિમ ભાગમાં બલોચ જનજાતિ સૌથી શક્તિશાળી હતી. તે વિવિધ નેતા (આગેવાનો) ધરાવતાં નાનાં-નાનાં કુળોમાં વિભાજિત હતી. પશ્ચિમ હિમાલયમાં વસતી ગદ્દી ગડરિયો નામની જનજાતિ મુખ્ય હતી. જ્યારે ભારતના ઉત્તર પૂર્વ ભાગમાં નાગા, કૂકી, મીઝો, અહોમ અને અન્ય જનજાતિઓનું પ્રભુત્વ હતું.

હાલના બિહાર અને ઝારખંડના કેટલાક વિસ્તારોમાં બારમી સદી સુધી ચેર સરદારોનું આધિપત્ય હતું. ઈ.સ. 1591 માં અકબરના સેનાપતિ રાજા માનસિંહે ચેરજાતિ પર હુમલો કરી પરાજીત કર્યા, પરંતુ તેમને સંપૂર્ણપણે આધીન બનાવી શક્યા નહિ. ઔરંગઝેબના સમયમાં મુઘલસેનાએ ચેરજાતિના ઘણા કિલ્લાઓ કબજે કરી, તેમના પર પ્રભુત્વ સ્થાપિત કર્યું. આ વિસ્તારની બે મહત્ત્વની જનજાતિઓ મુંડા અને સંથાલ હતી. આ જનજાતિઓ આ વિસ્તાર ઉપરાંત ઓડિશા અને બંગાળમાં પણ રહેતી હતી.

કર્ણાટક અને મહારાષ્ટ્રના પહાડી વિસ્તારોમાં કોળી, બેરાદ અને બીજી કેટલીક જનજાતિઓ રહેતી હતી. દક્ષિણ ભારતમાં કોરાગા, વેતર, મારવાર અને બીજી જનજાતિઓના લોકો મોટી સંખ્યામાં વસતા હતા.

ભીલ આ જનજાતિઓમાં ગણનાપાત્ર હતા. જે પશ્ચિમ અને મધ્ય ભારતમાં ફેલાયેલા હતા. ગુજરાત અને મધ્યપ્રદેશ રાજ્યમાં ભીલ સરદારોના રજવાડાં હતાં. કબીલાઓ સોળમી સદીના અંત સુધીમાં તેમાંના ઘણા ખેડૂત અને જમીનદાર તરીકે સ્થાયી થયા હતા. જોકે કેટલાક ભીલકુળ શિકાર અને અન્નસંગ્રહ જેવી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા રહ્યા.

ગોંડ અને અહોમ

ગોંડ : ભારતના ગોંડવાના નામના વિશાળ વનપ્રદેશમાં રહેનારી પ્રજા ગોંડ તરીકે ઓળખાય છે, જે ભારતની જૂની જનજાતિઓ પૈકીની એક છે. તેઓ સ્થળાંતરિત ખેતી કરતા. નાનાં-નાનાં કુળોમાં વહેંચાયેલી વિશાળ ગોંડજાતિમાં પ્રત્યેક કુળનો એક રાજા હતો. અકબરનામામાં નોંધાયું છે કે, ગઢકટંગાના ગોંડ રાજ્યમાં 70,000 જેટલાં ગામડાઓનો સમાવેશ થતો હતો. હાલના છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં ગોંડલોકોની વસતિ વધુ છે.

તેમની રાજ્ય-વ્યવસ્થા કેન્દ્રીકૃત હતી. રાજ્ય ગઢમાં વહેંચાયેલા હતા. દરેક ગઢ પર એક ખાસ ગોંડકુળનું આધિપત્ય હતું. દરેક ગઢ 84 ગામોના એક એકમમાં વહેંચાયેલો હતો જેને ચોર્યાસી તરીકે ઓળખતા. દરેક ચોર્યાસી બાર-બાર ગામના એક પેટા એકમ બારહોતોમાં વહેંચવામાં આવતી.

મોટાં રાજ્યોના ઉદય સાથે ગોંડસમાજમાં પણ પરિવર્તન આવ્યું. મૂળભૂત રાજપૂત તરીકેની માન્યતા મેળવવા ગઢકટંગાના ગોંડ રાજા અમનદાસે સંગ્રામશાહની પદવી ધારણ કરી. તેના પુત્ર દલપતે મહોબાના ચંદેલ રાજપૂત રાજાની પુત્રી રાજકુમારી દુર્ગાવતી સાથે લગ્ન કર્યાં.

યુવાન વયે જ દલપતનું મૃત્યુ થતાં દુર્ગાવતીએ પાંચ વર્ષના પુત્ર વીર નારાયણના નામથી શાસન સંભાળ્યું. ઈ.સ. 1565માં આસીફખાનના નેતૃત્વ હેઠળની મુઘલસેનાએ દુર્ગાવતીને હરાવી. રાણી અને તેમનો પુત્ર યુદ્ધમાં લડતાં-લડતાં વીરગતિ પામ્યાં.

ગઢકટંગા રાજ્ય હાથીઓના વેપાર દ્વારા પુષ્કળ ધન કમાતું હતું. ગઢકટંગા પર વિજય મેળવી મુઘલોએ પુષ્કળ ધન અને હાથીઓ મેળવ્યા. તેમણે રાજ્યનો મોટો ભાગ પોતાનાં નિયંત્રણમાં રાખ્યો, જ્યારે બાકીનો ભાગ વીર નારાયણના કાકા ચંદરશાહને આપ્યો. ગઢકટંગાના પતન બાદ નિર્બળ બનેલ ગોંડ રાજ્ય શક્તિશાળી બુંદેલો અને મરાઠાઓનાં આક્રમણ સામે ટકી શક્યું નહિ.

અહોમ : અહોમ લોકો તેરમી સદીમાં હાલના મ્યાનમારથી આવી અસમની બ્રહ્મપુત્ર નદીના ખીણ-વિસ્તારમાં વસ્યા. તેમણે ભુઈયા (ભૂસ્વામી/જમીનદાર)ની જૂની રાજકીય વ્યવસ્થાને બદલી એક નવા રાજ્યની સ્થાપના કરી. સોળમી સદીમાં ચૂટિયો (ઈ.સ. 1523) અને કોચ-હાજો (ઈ.સ. 1581) રાજ્યોને પોતાના રાજ્યમાં ભેળવી અને આસપાસની જનજાતિઓને જીતીને એક વિશાળ અહોમ રાજ્યની સ્થાપના કરી હતી. સત્તરમી સદીમાં તો તેઓ દારૂગોળો અને તોપોનું નિર્માણ પણ કરી શકતા હતા.

જોકે દક્ષિણ-પશ્ચિમથી અહોમ લોકો પર ઘણાં આક્રમણો થયાં. ઈ.સ. 1662 માં મીર જુમલાના નેતૃત્વ હેઠળની મુઘલસેના સામે બહાદુરીથી લડવા છતાં તેઓ હાર્યા. પરંતુ એ વિસ્તાર પર મુઘલોનું પ્રત્યક્ષ પ્રભુત્વ લાંબા સમય સુધી ટકી શક્યું નહિ.

અહોમ રાજ્ય બળજબરીપૂર્વકના શ્રમ (Forced Labour) પર આધારિત હતું. જે લોકો પાસે રાજ્ય માટે બળજબરીથી કામ કરાવાતું તે 'પાઇક' કહેવાતા. દરેક ગામમાંથી નિશ્ચિત કરવામાં આવેલ સંખ્યામાં 'પાઇક' મોકલવાના રહેતા. વસતિ-ગણતરીને આધારે વધુ વસતિ ધરાવતા વિસ્તારોમાંથી ઓછી વસતિવાળા વિસ્તારોમાં લોકોને ખસેડવાથી અહોમ કુળનાં વિભાજન થઈ ગયાં. સત્તરમી સદીના પ્રથમ દશકમાં વહીવટી વ્યવસ્થા કેન્દ્રીકૃત બની. વર્તમાન કાયદાઓ અને જોગવાઈઓ અનુસાર કોઈ વ્યક્તિ પાસે બળજબરીપૂર્વક કામ કરાવવું એ ગુનો ગણાય છે, જે આપણે સૌ જાણીએ છીએ.

આ જનજાતિના પુરુષો યુદ્ધના સમયે સેનામાં જોડાતા અને અન્ય સમયમાં ખેતી અને સિંચાઈ વ્યવસ્થા જેવાં સાર્વજનિક કાર્યો કરતાં. અહોમ લોકોએ ચોખાની ખેતીની નવીન પદ્ધતિઓ અમલમાં મૂકી.

અહોમસમાજ કુળમાં વહેંચાયેલો હતો. તેમના કુળને 'ખેલ' કહેવામાં આવતું. ઘણાં ગામો પર ખેલનું નિયંત્રણ રહેતું. ખેડૂતને ગામના સમાજ દ્વારા આપવામાં આવેલ જમીન ગામસમાજની સંમતિ વગર રાજા પણ પાછી લઈ શકતો નહતો.

શરૂઆતમાં અહોમલોકો જનજાતીય દેવતાઓ (પ્રકૃતિના દેવતાઓ)ની ઉપાસના કરતા હતા. રાજા દ્વારા મંદિરો અને બ્રાહ્મણોને જમીનનું દાન આપવામાં આવતું. સિબસિંહ (ઈ.સ. 1714 - ઈ.સ. 1744)ના સમયમાં હિંદુ ધર્મ ત્યાંનો મુખ્ય ધર્મ બની ગયો હતો. હિંદુ ધર્મ અપનાવ્યા છતાં અહોમ રાજાઓએ પોતાની પરંપરાગત માન્યતાઓ સંપૂર્ણપણે છોડી નહિ.

અહોમસમાજ સુસંસ્કૃત સમાજ હતો. કવિઓ અને વિદ્વાનોને જમીન દાનમાં આપવામાં આવતી. નાટ્યપ્રવૃત્તિને પ્રોત્સાહન આપવામાં આવતું. સંસ્કૃતની અગત્યની સાહિત્યિક કૃતિઓનો સ્થાનિક ભાષામાં અનુવાદ કરાવવામાં આવ્યો હતો. "બુરંજી" નામની ઐતિહાસિક કૃતિને પહેલાં અહોમ ભાષામાં અને પછી આસામી ભાષામાં લખવામાં આવી હતી.

બદલાતો સમય : નવી જનજાતિઓનું માળખું

16મી અને 17મી સદી સુધીના જનજાતિના ઇતિહાસને આપણે સમજવાનો પ્રયત્ન કર્યો. કાળાંતરમાં અનેક જનજાતિઓમાં વ્યાપક પરિવર્તનો આવ્યાં. વર્ણ આધારિત સમાજ અને આદિવાસી સમાજના લોકોના એકબીજા સાથેના સંપર્કને કારણે બંને સમાજમાં પરિવર્તન આવ્યું. વિવિધ જનજાતિઓએ જુદી-જુદી આજીવિકા અપનાવી. સમય જતાં તેમાંની ઘણી જનજાતિઓ જાતિ આધારિત સમાજનો ભાગ બની. જોકે ઘણી જનજાતિઓ હિંદુ ધર્મ અને જાતિ-વ્યવસ્થાથી મોટે ભાગે દૂર રહી. કેટલીક જનજાતિઓએ સુસંગઠિત વહીવટી વ્યવસ્થા ધરાવતાં મોટાં શક્તિશાળી રાજ્યોની સ્થાપના કરી. જેથી તેઓને તેમનાથી મોટાં સામ્રાજ્યો સાથે સંઘર્ષ થયો.

સ્વાધ્યાય

B2J6X1

1. યોગ્ય જોડકાં જોડો :

અ	બ
(1) ગઢકટંગા	(A) પાઈક
(2) વર્ષાસન	(B) સંગ્રામશાહ
(3) શ્રમિક	(C) પંજાબ
(4) અમનદાસ	(D) 70,000 ગામડાં
(5) ખોખર જનજાતિ	(E) નાનાં કુળોમાં વિભાજિત
(6) બલોચ	(F) ડાંગ-દરબાર

2. ખાલી જગ્યા પૂરો :

(1) મુલતાન અને સિંધમાં ..... અને ..... જાતિઓનું આધિપત્ય હતું.

(2) અહોમ ભાષામાં રચવામાં આવેલી ..... ઐતિહાસિક કૃતિ હતી.

(3) જનજાતિના સભ્યો ..... પ્રથાથી એકબીજા સાથે જોડાયેલા હતા.

3. વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો :

(1) અકબરના સેનાપતિ માનસિંહે ચેરજાતિ પર હુમલો કરી વિજય મેળવ્યો હતો.

(2) ગુજરાતમાં મીઝો, અહોમ અને ખોખર જેવી જનજાતિઓ વસે છે.

(3) ગોંડલોકો તોપનું નિર્માણ કરી શકતા હતા.

(4) દક્ષિણ ભારતમાં વેતર, કોરાગા અને મારવાર જાતિના લોકો વસતા હતા.

4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) આદિવાસી સમુદાયનું જીવન કઈ-કઈ બાબતો પર નિર્ભર હતું ?

(2) જનજાતિઓમાં જોવા મળતો સામૂહિકતાનો સિદ્ધાંત સમજાવો.

(3) અહોમ સમાજ સુસંસ્કૃત સમાજ હતો. આવું શાના આધારે કહી શકાય.

(4) ગોંડલોકોનો ઇતિહાસ અહોમ લોકોથી કેવી રીતે અલગ હતો ?

પ્રવૃત્તિ

- આ પ્રકરણમાં દર્શાવેલ જનજાતિઓનું સ્થાન ભારતના નકશામાં દર્શાવો. કોઈ પણ બે જનજાતિઓની તેમની આજીવિકા તેમજ તેમની ભૌગોલિક વિશેષતા અને પર્યાવરણની અનુકૂળતા સંદર્ભે ચર્ચા કરો.
- હાલની સરકાર દ્વારા આદિવાસીઓ સંદર્ભે ઘડવામાં આવેલ નીતિઓ વિશે જાણો અને તે સંદર્ભે ચર્ચાનું આયોજન કરો.